ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપનાઃ૧૮૬૩

# પંચમહાલ-દાહોદ



### દાહોદ સરહદે MP ના કઠ્ઠીવાડામાં આણંદ પોલીસ પર ગ્રામજનોનો હુમલો

## આરોપીની શોધમાં ગયેલી પોલીસની સ્કોર્પિયો પર પથ્થરમારો અને તોડફોડ કરી

ઘટનાના પગલે બજાર વિસ્તારમાં અફરાતફરી મચી ગઈ



(પ્રતિનિધિ) દાહોદ, તા.5

દાહોદ સરહદે MP ના કઠ્ઠીવાડામાં આણંદ પોલીસ પર ગ્રામજનોનો હુમલો થયો હતો ભાભરા પોલીસની મદદથી ટીમ સુરક્ષિત બહાર કઢાઈ દાહોદ જિલ્લાના સરહદી વિસ્તાર એવા મધ્યપ્રદેશના અલીરાજપુર કઠ્ઠીવાડા વિસ્તારમાં આણંદ પોલીસની ટીમ પર ભારે વિરોધ અને હુમલાની ઘટના સામે આવી છે.આરોપીની શોધમાં ગયેલી પોલીસ ટીમ પર ગામલોકોએ હુમલો કરતા પરિસ્થિતિ તંગ બની હતી. જોકે સ્થાનિક પોલીસના રક્ષણમાં આણંદ પોલીસને હેમખેમ ગુજરાતની સરહદમાં છોડવામાં આવી હોવાની ઘટના સામે આવી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર મહિન્દ્રા સ્કોર્પિયો ગાડીમાં સવાર આણંદ પોલીસના ૪ કર્મચારીઓ દાહોદ જિલ્લાના સરહદે આવેલા મધ્યપ્રદેશ અલીરાજપુરના કઠ્ઠીવાડા નજીક નાની બડોઈ ગામમાં એક વ્યક્તિની શોધખોળ માટે પહોંચી હતી. જ્યાં ગામમાં પોલીસને જોતા જ કેટલાક ગ્રામજનો ઉશ્કેરાયા હતા.અને વિરોધ પ્રદર્શન શરૂ કર્યું હતું. વધતા તણાવને ધ્યાનમાં રાખીને આણંદ પોલીસ ટીમને ત્યાંથી પાછી ફરવી પડી હતી. જોકે આ દરમિયાન પરિસ્થિતિ બગડતા પોલીસ ટીમે કઢીવાડા પોલીસ સ્ટેશનમાં આશરો લીધો હતો.થોડીવાર સુધી સ્થાનિક પોલીસના સંરક્ષણ હેઠળ રોકાયા બાદ ટીમ ત્યાંથી નીકળવા પ્રયત્ન કરી રહી હતી.પરંતુ કઢીવાડાના બજાર વિસ્તારમાં પહોંચતા જ ફરી એકવાર ભીડ દ્વારા હુમલો કરવામાં આવ્યો હતો. હુમલાખોરોએ ફળિયાથી સ્કોર્પિયો વાહનના ટાયર ફોડવાનો પ્રયાસ કર્યો હતો. ટાયર તો સુરક્ષિત રહ્યો, પરંતુ ગાડીના કાચ તોડી નાખવામાં આવ્યા હતા.આ ઘટનાના પગલે બજાર વિસ્તારમાં અફરાતફરી મચી ગઈ હતી. આણંદ પોલીસની ગાડી આગળ વધી રહી હતી, પાછળથી ગ્રામજનોનો ટોળો દોડી રહ્યો હતો અને પરિસ્થિતિ કાબૂમાં લેવા સ્થાનિક પોલીસ સક્રિય બની હતી. જોકે સદનસીબે ચંદ્રશેખર આઝાદ નગર ભાબરા પોલીસ પણ ઘટનાસ્થળે પહોંચી અને તેમની હાજરી વધતા જ ભીડ વેર વિખેર થઈ ગઈ હતી. આ ઘટનાની કઢીવાડા પોલીસ સ્ટેશનના પ્રભારી દિનેશ સોલંકીએ પુષ્ટિ કરી છે કે ભાબરા પોલીસની મદદથી આણંદ પોલીસ ટીમને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવી છે.હાલ સુધી આ મામલે કોઈ સત્તાવાર ગુનો નોંધાયો નથી. સમગ્ર ઘટનાની તપાસ ચાલુ છે.

## દાહોદ જિલ્લામાં માર્ગ અકસ્માતની બે ઘટનામાં 3ના મોત

(પ્રતિનિધિ) દાહોદ, તા.5

દાહોદ જિલ્લામાં બે માર્ગમાં ત્રણ લોકોના કરૂણ મોત નીપજ્યા છે દાહોદ પરેલમાં કોઈક વાહન ચાલકે એક એક સાયકલ સવારને ટક્કર મારી અડધો કિલોમીટર ઘસડી ગયો હતો અને સાયકલ ચાલકનો મૃતદેહ પરેલના કારખાના સામેથી મળી આવ્યો હતો તો લીમડી હાઈવે ના કાળી મહુડી ગામે બે બાઈકો વચ્ચે અકસ્માત સર્જાયો હતો આ અકસ્માતમાં બે લોકોના ઘટના સ્થળે મોત નીપજ્યા હતા જ્યારે એક. ઈજાગ્રતને ૧૦૮ ની મદદથી સારવાર અર્થે દવાખાને લઈ જવામાં આવ્યો હતો દાહોદ પરેલમાં સર્જાયેલા અકસ્માતમાં સાયકલ ઉપર જતા વાંદરીયા ગામના ૬૩ વર્ષથી મોહનભાઈ ગરાસિયા નું મોત નીપજ્યું છે આ બંને અકસ્માતમાં મોતને ભેટેલા ત્રણ લોકોના પરિવારમાં ભારે ગમગીની છવાઈ હતી.

### જાગૃત નાગરિકો દ્વારા વિરોધ કરાયો

## વેજલપુરમાં કતલખાના માટે પરવાનો કાયમી ધોરણે રદ કરવા રજૂઆત

કતલખાનાથી થતી ગંદકીના કારણે રોગચાળાની દહેશત



(પ્રતિનિધિ) કાલોલ, તા.5

કાલોલ તાલુકાના વેજલપુર ગામમાં બકરા મરઘાં કાપવા માટે કેટલાક લોકોને લાયસન્સ વેજલપુર ગ્રામ પંચાયત હદમાં આપવામાં આવેલ છે ત્યારે આ લાયસન્સ ધારકો દ્વારા લાયસન્સ ની આડમાં ઘણી બધી ગેરપ્રવૃત્તિઓ અને ગેરકાયદેસર કર્મો કરી રહ્યા હોવાનું સ્થાનિક નાગરિક મહેફૂઝ કાદીર જમાલ દ્વારા અરજીમાં આક્ષેપો કરવામાં આવ્યા છે ત્યારે વધુ આક્ષેપો કરતા કહ્યું છે કે લાયસન્સ ધારકો દ્વારા કેમેરાની સામે પાડા ,બકરા,મરઘાં કાપવામાં આવે છે પરંતુ રાતના અંધારામાં ગામની આસ પાસ ખેતરો તથા ઝાડી ઝાખરાંમાં જે પ્રતિબંધીત છે તેવા પશુઓની કતલ કરવામાં આવતું હોવાના આક્ષેપો પણ કરવામાં આવ્યા છે

અને કતલ કરેલા પશુઓના અંગો રોડ ઉપર અને જાહેર રસ્તા ઉપર છૂટાછવાયા ફેંકીને ગંદકી પણ કરવામાં આવે છે અને જાહેર રસ્તા ઉપર પડી રહેતા અંગોને લઈને પશુ પ્રેમી રહીશોની લાગણી દુભાતી હોય છે અને વધુમાં આ પ્રતિબંધીત પશુઓની કતલ બાદ કાપેલા અંગો જાહેર માર્ગો અને તળાવોમાં ફેંકી દેતા હોય છે જેથી તળાવમાં રહેલું પાણી ગંદુ થઈ જાય છે આમ ગંદકીના કારણે રોગચાળો ફેલાવાની શક્યતાઓ રહેલી છે જેથી વેજલપુરમાં આપેલા તમામ લાયસન્સ રદ કરવામાં આવે તેવી માંગ સાથે વેજલપુર ગ્રામ પંચાયતને અરજદારે સ્થાનિક રહીશોની નામ સાથેની સહીઓ સાથે મોટી સંખ્યામાં લોકો હાજર રહીને ગ્રામ પંચાયતના તલાટીને અરજી આપવામાં આવેલ છે હવે જોવું રહ્યું કે વેજલપુર ગ્રામ પંચાયત દ્વારા અરજદાર ની અરજીના અનુસંધાનમાં ક્યાં પ્રકારની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

### દાહોદ સ્માર્ટ સિટીમાં 'ગંદકીનું ગ્રહણ' લાગ્યું

## 20 કરોડના રિવરફ્રન્ટ પ્રોજેક્ટ સામે કચરાના ઢગલામાં આગ

(પ્રતિનિધિ) દાહોદ, તા.5

એક તરફ સ્માર્ટ સિટીના નામે કરોડોનો ધુમાડો અને બીજી તરફ કચરાના ઢગલામાં ઉઠતો અસલી ધુમાડો! દાહોદના જૂના વણકર વાસ વિસ્તારમાં નગરપાલિકાની બેદરકારી ફરી એકવાર સામે આવી છે. જ્યાં સ્માર્ટ રિવરફ્રન્ટની બિલકુલ સામે આવેલા કચરાના ગંજમાં અચાનક આગ ભભૂકી ઉઠતા અફરાતફરી મચી ગઈ હતી.

દાહોદ શહેરના છેવાડામાંથી પસાર થતી ઐતિહાસિક દૂધીમતી નદી, જેની કાયાપલટ કરવા માટે સ્માર્ટ સિટી અંતર્ગત ૨૦ કરોડ રૂપિયાના ખર્ચે આલીશાન રિવરફ્રન્ટ તૈયાર કરવામાં આવ્યો છે. પરંતુ આ સિક્કાની બીજી બાજુ અત્યંત વરવી વાસ્તવિકતા છે. રિવરફ્રન્ટની બિલકુલ સામે આવેલા સ્લમ વિસ્તાર એટલે કે જૂના વણકર વાસમાં પાલિકા દ્વારા આખા શહેરનો કચરો ઠાલવવામાં આવે છે.જેમાં સાંજના સમયે કચરાના આ વિશાળ ઢગલામાં અચાનક આગ ફાટી નીકળી હતી.રહેણાંક વિસ્તાર હોવાથી સ્થાનિક લોકોમાં ફફડાટ વ્યાપી હતી અને ધુમાડાના ગોટેગોટાથી શ્વાસ લેવો મુશ્કેલ બન્યો હતો.

આ ઘટનાની જાણ થતાં જ દાહોદ નગરપાલિકાની ફાયર ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગઈ હતી. કલાકો સુધી પાણીનો મારો ચલાવ્યા બાદ આગ પર કાબુ મેળવાયો હતો. સ્થાનિકોમાં હવે રોષ જોવા મળી રહ્યો છે. પ્રશ્ન એ થાય છે કે, શું ૨૦ કરોડનો રિવરફ્રન્ટ માત્ર દેખાડા માટે છે? એક તરફ સ્માર્ટ સિટીની વાતો થાય છે અને બીજી તરફ ગરીબ વસ્તીની બાજુમાં કચરાના પહાડ ખડકવામાં આવે છે. આજે તો આગ પર કાબુ મેળવી લેવાયો, પણ જો આ આગ વધુ વિકરાળ બની હોત તો તેનો જવાબદાર કોણ હોત? હાલ તો ફાયર બ્રિગેડે આગ બઝાવી દીધી છે, પણ ગંદકી અને જોખમની આ આગ ક્યારે શાંત થશે તે જોવું રહ્યું.

### વલ્લભકુળ પરિવારની હાજરીમા મહોત્સવ

## કાલોલ વૈષ્ણવ સમાજ દ્વારા ચોકમા ભવ્યાતિભવ્ય ફુલફાગ રસીયા સંપન્ન

(પ્રતિનિધિ) કાલોલ, તા.5



પુષ્ટિભકિતમાં અનન્ય માહાત્મય ધરાવતા ફૂલફાગ હોળી રસીયા મહોત્સવની કાલોલના વૈષ્ણવ સમાજ દ્વારા એનએમજી હોસ્પિટલ ચોક આંગણે ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. ખાતે પુષ્ટિ ભકિત પ્રેરક પૂ. પા. ગો. 108 શ્રી રવિકુમારજી મહારાજશ્રી (મથુરા-કાંકરોલી-વડોદરા-ભરૂચ) , અ . સૌ શ્રીયાંગના વહુજી મહારાજ, ચી.પૂ પા.ગૌ ૧૦૮ મધુરમકુમાર મહોદય (વ્રજપાલ લાલજી) અ. સૌ. વૃજાંગના વહુજી સમેત વલ્લભકુળ પરીવારની મંગલ ઉપસ્થિતીમાં વૈષ્ણવ સમાજ આયોજીત ફૂલફાગ મનોરથમાં કાલોલ નગર સહિત આસપાસના અંદાજે ૨૦૦૦ જેટલા વૈષ્ણવ ખેલૈયાઓ સ્વયંભૂ ઉમટી પડતા મનોરથ સ્થળે વ્રજભૂમિ જેવો અલૌકિક માહોલ સર્જાયો હતો. વહેલી સવારથી જ કાલોલ અને આસપાસના વૈષ્ણવો આગમન થતાં કાલોલ વૈષ્ણવ સમાજે સૌને ઉષ્માભેર આવકાર્યા હતા.આ પ્રસગે તમામ વૈષ્ણવજન કેસરી પરીધાનમાં સજ્જ રહેતા કેશૂડીયો માહોલ સર્જાર્યો હતો.

### ઇજાગ્રસ્ત યુવકને સારવાર અર્થે નજીકના દવાખાને ખસેડાયો

## અગાઉ લગ્નમાં થયેલા ઝઘડાની અદાવતમાં 19 વર્ષીય યુવાનના પેટમાં ચપ્પુના ઘા માર્યા

(પ્રતિનિધિ) દાહોદ, તા.5

ગામના ૧૯ વર્ષીય યુવાનની પાડલીયા ગામે રોડ પર મોટરસાયકલ રોકી ચાર પૈકીના ત્રણ ઈસમોએ તે યુવાનને પકડી રાખી ચોથા ઈસમે અગાઉ લગ્નમાં થયેલા ઝઘડાની અદાવતમાં તે યુવાનના પેટમાં ચપ્પુના ઘા મારી જીવલેણ હુમલો કરી ગંભીર ઈજા પહોંચાડતા તે યુવાનને સારવાર માટે સંતરામપુરની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો પ્રાપ્ત હોવાનું પોલીસ સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે. વિગત અનુસાર ફતેપુરા તાલુકાના વડવાસ ગામના ગલાલપુરા ફળિયામાં રહેતો ૧૯ વર્ષીય અજયભાઈ વારજીભાઈ બારીયા પોતાના મિત્રને સાથે લઈ મોટરસાયકલ પર બલૈયા ક્રોસિંગ જતો હતો. તે દરમિયાન સાંજના ચારેક વાગ્યાના સુમારે રસ્તામાં પાડલીયા ગામે ફતેપુરા તાલુકાના મોટી નાદુકણ ગામના મહેન્દ્રભાઈ ભાથુ ડીંડોર અન્ય એક ઈસમ સાથે મોટર સાયકલ લઈ આવી અજયભાઈ બારીયાની મોટરસાયકલની આગળ લાવી ઊભી રાખી હતી તેવામાં મોટા સલરા ગામનો વિપુલ ભરતભાઈ બારીયા અન્ય એક ઈસમને સાથે લઈ મોટરસાયકલ પર ત્યાં આવી ગયો હતો અને અગાઉ લગ્નમાં થયેલા ઝઘડાની અદાવત રાખી મહેન્દ્રભાઈ ભાથુ ડીંડોરે અજય ભાઈ બારીયાને બેફામ ગાળો બોલી આજે તને પૂરો કરી નાખવાનો છે તેમ કહી બાથમબાથી કરી હતી ત્યારબાદ ઉપરોક્ત ચાર પૈકીના ત્રણ ઈસમોએ અજયભાઈ બારીયા ને પકડી રાખ્યો હતો અને મહેન્દ્રભાઈ ભાથુ ડીંડોરે મારી નાખવાના ઈરાદે અજય ભાઈ બારીયા ના પેટના ભાગે ચપ્પુના ઘા મારી જીવલેણ હુમલો કરી ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. તેમજ જાનથી મારી નાખવાની ધાક ધમકીઓ આપી હતી. આ ઘટનાની જાણ થતા જ સુખસર પોલીસ તાબડતોબ ઘટના સ્થળે દોડી આવી હતી અને ગંભીર ઈજાગ્રસ્ત અજય ભાઈ બારીયાને સારવાર અર્થે સંતરામપુર ખાતેની સિદ્ધિ વિનાયક હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

## પંચમહાલ-દાહોદ જિલ્લામાં હોળી પર્વની ઉજવણી-મેળાઓનો થનગનાટ

### દાહોદ સબ જેલમાં સ્થાનિક પરમ્પરા મુજબ ધુળેટીની ઉજવણી કરાઇ



**દાહોદ** : દાહોદ સબ જેલમાં ધુળેટીના તહેવાર નિમિત્તે દાહોદના ધારાસભ્ય કનૈયાલાલ કિશોરીની ઉપસ્થિતમાં સ્થાનિક પરમ્પરા મુજબ કેસુડાના ફુલોના કલરમાં અન્ય પ્રાકૃતિક કલર મેળવીને ધુળેટીની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે જેલના અધિક્ષક એમ.એલ.ગમારાનાઓએ જણાવ્યું કે, દાહોદ સબ જેલમાં દરેક ધાર્મિક તથા રાષ્ટ્રીય તહેવારની ઉજવણી કરવામાં આવે છે. આજ રોજ ધુળેટીનો તહેવાર હોય કેદીઓએ આ તહેવારની ઉજવણી થી બાકત ન રહે તે માટે પ્રાકૃતિક રંગો જેલના બંદિવાનો દ્વારા તૈયાર કરાવી ધારાસભ્યની હાજરીમાં ઉજવણી કરવામાં આવી.

### સીંગવડ તાલુકામા દર વર્ષની જેમ આ વર્ષે પણ હોળી મહાપર્વનો મેળો ભરાયો



**સીંગવડ** : દાહોદ જિલ્લાના સીંગવડ તાલુકામાં હોળી મહા પર્વ નિમિતે કબુતરી નદીના કાંઠે માં ભમરેચીના સાનિધ્યમાં દર વર્ષે ની જેમ હોળી નો ભવ્ય મેળો ભરાયો ભમરેચી મંદિરે રત્નેશ્ર્વર મહાદેવ મંદિરે રામદેવ મંદિરે દર્શનાથી ભાવિકો ભક્તો ની લાંબી લાંબી કતારો જોવા મળી અને ભમરેચી મંદિરે થી ઉપર વાસ બજાર ચારે બાજુ લોક ટોળા જોવા મળ્યા હતા જ્યારે ઢોલ સાંગ ના તાલે લોકો શાનદાર રમતા મોજ કરતા હતા અને બાળકો ચગડોળમા રમતા ઉત્સાહીત જોવા મળ્યા મેળામાં જુદા જુદા પ્રકાર ના સ્ટોલો જોવા મળ્યા હતા.

### ખંગેલા ગામે ગળબાબાના મેળાએ અનેરૂ આર્કષણ જન્માવ્યું



**દાહોદ** : દાહોદ જિલ્લામાં હોળી ધુળેટી પર્વ પહેલા અને ત્યારબાદ વિવિધ પારંપરિક મેળાઓ યોજાય છે દાહોદ જિલ્લાના ખંગેલા ગામે તારીખ ૪ ને ધુળેટીના પર્વે ગળબાબાનો અનોખો મેળો યોજાયો હતો આ મેળામાં લાડાઓને હળદર ચોપડી અહીંયા માનતા પૂરી કરવામાં આવે છે ગુજરાતની બોર્ડર આવેલા ખંગેલા ગામે વર્ષોથી આ મેળો પારંપરિક રીતે ભરાય છે આ મેળામાં ગુજરાત અને મધ્યપ્રદેશના ગામોમાંથી લાડાઓ હળદર લગાવી મેળામાં આવતા જોવા મળે છે ઢોલ નગારા અને અબીલ ગુલાલ ની છોળો વચ્ચે આખા દિવસ દરમિયાન મોટી સંખ્યામાં વિસ્તારના લોકોએ મેળાની મજા માણી હતી.

### કાલોલ પોલીસ સ્ટેશનમાં ફરજ પરના પોલીસ જવાનો દ્વારા ધુળેટી પર્વની ઉજવણી



**કાલોલ** : ધૂળેટી પર્વની સમગ્ર પંથકમાં ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી રહ્યો છે ત્યારે કાલોલ પોલીસ સ્ટેશન ખાતે હાજર સ્ટાફે એકબીજાને વિવિધ રંગબેરંગી કલરો લગાવી એકબીજાને શુભકામનાઓ પાઠવી હતી.પોલીસ સ્ટાફ મોટે ભાગે દરેક તહેવાર ઉપર ફરજ ઉપર હાજર હોય છે. આમ નાગરિક નિર્ભય રીતે તહેવાર ઉજવી શકે છે તે માટે પોલીસ કાયદો અને વ્યવસ્થા જાળવવાનું કામ દરેક તહેવાર ઉપર ફરજ ઉપર હાજર રહી કરતાં હોય છે. જેનું ઉત્તમ ઉદાહરણ કાલોલ પોલીસ પી.આઈ ,પી.એસ.આઈ તથા તમામ સ્ટાફે હોળી અને ધૂળેટીના પર્વની ઉત્સાહભેર ઉજવણી પોલીસ સ્ટેશન ખાતે કરવામાં આવી હતી.

### ઝાલોદ પોલીસ સ્ટેશનમા હોળી ધૂળેટીની પોલીસ સ્ટાફ મિત્રો દ્વારા ઉજવણી કરવામાં આવી



**દાહોદ** : ઝાલોદ પોલીસ સ્ટેશનમા હોળી ધૂળેટીની પોલીસ સ્ટાફ મિત્રો દ્વારા ઉજવણી કરવામાં આવી હતી ઝાલોદ પોલીસ સ્ટેશન ખાતે આજ રોજ ધામધૂમ પૂર્વક ઉજવવામાં આવયો હતો જેમાં હિન્દુ સમાજની હોળી ધુળેટીનો પર્વ સમગ્ર દાહોદ જિલ્લામા ઉજવવામાં આવી રહીયો છે ત્યારે ઝાલોદ ડીવીશનનાં ડીવાયએસપી ડૉ.ડી.આર.પટેલ અને ઝાલોદ પોલીસ સ્ટેશનનાં પી.આઈ.રવિ ગામીતે અને સેકન્ડ પીએસઆઇ સીસોદીયા સહીત સમગ્ર પોલીસ સ્ટાફ દ્વારા ધુળેટીની ડીજેનાં ટીમલીનાં તાલે ઝૂમી ઉઠ્યા હતા અબીલ ગુલાલ કંકુ અને કેશુડાનાં કુદરતી રંગો એક બીજાને લગાડીને ધુળેટીની ઉજવણી ધામધૂમ પૂર્વક કરાઇ હતી.

### દાહોદમાં ચુલના મેળા સાથે હોળી ધુળેટી પર્વની શાંતિપૂર્ણ માહોલમાં રંગે ચંગે ઉજવણી



**દાહોદ** : દાહોદ શહેર સહિત જિલ્લામાં હોળી ધુળેટી પર્વની શાંતિપૂર્ણ માહોલમાં રંગે ચંગે ઉજવણી કરવામાં આવતા સમગ્ર દાહોદ હોળીના રંગે રંગાયું હતું - દાહોદ રસહેર સહીત જિલ્લામાં હોળી પર્વનું આગવું મહત્વ છે. અને તેની ઉજવણી પણ વિશેષ રીતે કરવામાં આવે છે. પરંતુ બદલાતા સમયના વહેણની સાથે સાથે આગવું મહત્વ ધરાવતા હોળી ધૂળેટીના તહેવારની ઉજવણીની પદ્ધતિ તેમજ મહત્વ પણ બદલાતા જોવા મળી રહ્યા છે. કારમી મોંઘવારી અને બેરોજગારીની સીધે સીધી અસર વર્તમાન સમયમાં તમામ તહેવારોની ઉજવણીમાં જોવા મળી રહી છે.

### બોડેલી-જબુગામ સહિત અન્ય વિસ્તારોમાં પણ ધુળેટીની ભવ્ય ઉજવણી



**બોડેલી** : છોટાઉદેપુર જિલ્લામાં હોળી તથા ધુળેટી પર્વને લઈ લોકોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો . યુવાનો દ્વારા અલગ-અલગ ટોળકીઓ બનાવી શેરી મહોલ્લાઓમાં ફરી પોતાના મિત્રોને શોધી શોધીને રંગોથી રંગવામાં આવ્યા હતા અને ભારે ઉત્સાહ સાથે ધુળેટી ની ઉજવણી કરવામાં આવી એ જ પ્રમાણે મહિલાઓ દ્વારા પણ ધુળેટી ના કલરોમાં રમવા માટે અલગ અલગ કલરના પાણી બનાવી અને એકબીજા પર ડોલો ભરી ભરીને નાખવામાં આવ્યા હતા

અતિ મહત્વની વાત એ છે કે છોટાઉદેપુર જિલ્લો એટલે આદિવાસી વિસ્તાર ધરાવતો જિલ્લો જ્યાં થોડી તથા ધૂળેટીના તહેવારને ખૂબ જ મહત્વ આપવામાં આવે છે

### સુખસર તાલુકાના મોટા નટવા જાંબુડી ગામે ધુળેટીના દિવસે ગામ ખેડાની માતાના સ્થાનક ઉપર મરઘા બકરાની બલી પ્રથા બંધ કરી



**સુખસર** : આદિવાસી પરંપરા મુજબ ધૂળેટીના દિવસે મોટી સંખ્યામાં ગ્રામજનો ખેડાની માતા ના સ્થાનક ઉપર ભેગા થતા હોય છે.ભેગા મળીને ખેડાની માતાને મરઘા બકરાનો ભોગ ચઢાવતા હોય છે.પરંતુ છેલ્લા પાંચ વર્ષથી ગ્રામજનો એ મળીને નારિયેળનો ભોગ આપીને ઉજાણી કરતા આવેલ છે.જેના ભાગરૂપે ચાલુ વર્ષે પણ મોટા નટવાના જાંબુડી ગામે કટારા,માલ,ડિંડોર અને ભાભોર પરિવાર માંથી વડીલો,યુવાનો, ભાઈઓ,નાના-મોટા આગેવાનો, પંચાયત સભ્ય,માજી સરપંચ હાજર રહ્યા હતા.ઉપસ્થિત તમામે સૌપ્રથમ ખેડાની માતાને સમૂહમાં પ્રાર્થના કરી કે હે માં અમને સદબુદ્ધિ આપો.સારા વિચારો આપો,ખોટા કામ ના થાય તેનું ધ્યાન રાખજો તેવી પ્રાર્થના કરાઇ હતી.